વરસાદ પુનઃ છેતરી ગયો

વરસાદ પડવાના પુરેપુરા ઉજળા સંજોગો હોવા છતાં ગાંધીનગરમાં માત્ર ૩ મિમી વરસાદ પડ્યો : વરસાદની રાહ જોઈ શહેરીજનો થાક્યા

ગાંધીનગર, તા. ૯

તમામ આગાહીઓ, આશાઓ અને અનુમાનો બાદ પણ શહેરમાં વરસાદ પડ્યો નથી. આકાશમાં ઘેરાયેલા ઘટાટોપ વાદળો અને ભેજવાળા વાતાવરણ જેવા ઉજળાં સંજોગો હોવા છતાં ધોધમાર વરસાદના આનંદથી વસાહતીઓ પુનઃ વંચિત બની ગયા હતા.

છેલ્લા બે દિવસથી આકાશમાં ઘટાટોપ કાળા વાદળો ઘેરાયેલા છે. આકાશમાંથી ક્યારેક ધીમી ધારે ઝાપટુ પડી જાય છે પરંતુ હજુ સુધી ધોધમાર વરસાદ વરસ્યો નથી. ઠેર ઠેર પાણી ભરાઈ જાય, ધોધમાર વરસાદ ત્રણ-ચાર કલાક સુધી પડે તેવો માહોલ આ વર્ષે જોવા મળ્યો નથી. ચોમાસાની સીઝન શરૂ થયે દોઢ-બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં શહેરમાં સરેરાશ પાંચ ઈંચ જેટલો વરસાદ પણ પડ્યો નથી. માહોલ બંધાય છે પરંતુ વરસાદ આવતો નથી.

ઓગષ્ટના પહેલા અઠવાડિયામાં વરસાદ પડશે તેવી આગાહી હોવા છતાં ગાંધીનગરમાં વરસાદ પડતો નથી. ગઈકાલે રાત્રે શહેરના કેટલાક વિસ્તારોમાં રીમઝીમ વરસાદ પડ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. રીમઝીમ વરસાદ બાદ ધોધમાર વરસાદ પડશે તેવી આશા સવાર સૂર્યના કિરણો નીકળતા વિખેરાઈ ગઈ હતી. એકવાર ફરી વરસાદે ગાંધીનગરાઓને છેતરી લીધા છે.

બેસણું

અમારા પૂ. ભાભી **ગં.સ્વ. સુમિત્રાબેન હરિપ્રસાદ શુક્લ (કોલવડા)**નું દુઃખદ અવસાન (કલકત્તા ખાતે) તા. ૫-૮-૨૦૧૨ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૨-૮-૨૦૧૨, રવિવારે સાંજે ૩ થી ૫ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :
૫૨૦/૧,
કોલવડાનગર સોસાયટી,
સેક્ટર-૨૮, ગાંધીનગર

લિ.
બળવંતરાય જેઠાલાલ શુક્લ
દશરથભાઈ જે. શુક્લ
સુમનભાઈ જે. શુક્લ
અજીતભાઈ હરિપ્રસાદ શુક્લ (પુત્ર)
હિતેશ હરિપ્રસાદ શુક્લ (પુત્ર)

॥ अभय ॥ ASHAY
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

નંદ ઘેર આનંદ ભયો જય કન્હૈયા લાલ કી...

આજે ગાંધીનગરમાં જન્માષ્ટમી પર્વની ભાવપૂર્વક ઉજવણી કરાશે

મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી : રાસ-ગરબા ને મટકી ફોડ સહિતના કાર્યક્રમોનું આયોજન : નગરજનોમાં થનગનાટ

ગાંધીનગર, તા. ૯

નંદ ઘેર આનંદભયો જય કન્હૈયા લાલ કી.. જન્માષ્ટમી નિમિત્તે આજે શહેરના વિવિધ મંદિરોમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. શ્રાવણ માસના વદ પક્ષની આઠમની તિથિએ ઉજવાતા જન્માષ્ટમીના પવિત્ર પર્વને વધાવવા નગરજનો ઉત્સુક છે. કૃષ્ણ વંદે જગદગુરુની ભક્તિમય ભાવના સાથે ભાવિકો આજે કૃષ્ણભક્તિમાં તરબોળ થશે. કૃષ્ણજન્મોત્સવને ઉજવવા નગરમાં સર્વત્ર થનગનાટ જોવા મળી રહ્યો છે. નગરના મંદિરોમાં મટકીફોડ, રાસગરબા, ભજન તેમજ આરતી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકો ભોળાનાથ અને કૃષ્ણભક્તિના રંગે રંગાશે.

શહેર તેમજ જિલ્લામાં જન્માષ્ટમીની ઉજવણીને અનુલક્ષી અનખો થનગનાટ જોવા મળી રહ્યો છે. શ્રાવણના પ્રારંભથી ભોળાનાથની ભક્તિમાં તલ્લીન થયેલા ભાવિકો જન્માષ્ટમીની ઉજવણીને ધ્યાને લઈ કૃષ્ણજન્મોત્સવની તૈયારીમાં લાગી ગયા છે. શહેરમાં કનૈયાના

● અનુસંધાન પાન-૬ પર

ડૉ. શંકરસિંહ રાણા મધુર ડેરીના ચેરમેન તરીકેનો કાર્યભાર પુનઃ સંભાળશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી, ગાંધીનગરના ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ આર. રાણા તા. ૧૧-૮-૨૦૧૨ને શનિવારના રોજ ૧૨.૩૯ કલાકે વિજયી મુહૂર્તમાં મધુર ડેરી, ગાંધીનગરના ચેરમેન તરીકેનો કાર્યભાળ પુનઃ સંભાળશે.

શ્રી રાણા સતત ત્રીજીવાર તેમની પેનલ સાથે વિજયી બની સત્તાના સૂત્રો સંભાળી રહ્યા છે. મધુર નમકીનસ્ પ્રોડક્ટ્સ બજારમાં મુકી અને બજારમાં એક આગવુ નામ ઉભુ કરવાનું શ્રેય શ્રી રાણાને જાય છે. મધુર ડેરી હાલ ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દૂધનો પુરવઠો પુરો પાડવા ઉપરાંત મધ્યમવર્ગને પોષાય તેવા નમકીનસ્ બજારમાં મુકી સારી એવી પ્રગતિ કરી રહેલ છે. તેણે દૂધ ઉત્પાદકોના ભાવમાં પણ તાજેતરમાં વધારો કર્યો છે એટલુ જ નહિ જિલ્લામાં પશુપાલનને પ્રોત્સાહક અનેકવિધ પગલાંઓ લીધા છે જે ઉલ્લેખનીય છે.

પ્રગતિના પંથે આગે બઢો

શ્રી શક્તિસિંહજી ગોહિલ
વિરોધ પક્ષના નેતાશ્રી
વિધાનસભા

શ્રી લિરલબા જયેન્દ્રસિંહ વાઘેલા (ગાંધીનગર)
મહામંત્રીશ્રી, ગાંધીનગર જિલ્લા
કોંગ્રેસ સમિતિ

ડો. સી. જે. ચાવડા
પ્રમુખશ્રી, ગાંધીનગર જિલ્લા
કોંગ્રેસ સમિતિ

આદરણીયશ્રી શક્તિસિંહજી ગોહિલ સાહેબની શુભ લાગણી તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડો. સી. જે. ચાવડા સાહેબ દ્વારા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિમાં આપની મહામંત્રી તરીકે વરણી પામવા અને જન્માષ્ટમીએ જન્મ દિવસની શુભકામનાઓ સાથે ખૂબ ખૂબ અભિનંદન....

જીલુભા ધાધલ
જનકસિંહજી વાઘેલા
કૌશિકભાઈ જે. ભટ્ટ

ભારતીબેન શુક્લ (ભાભી)
રાગીણીબેન ત્રિવેદી
પારૂલબેન ત્રિવેદી

આજે ગાંધીનગરમાં મેળાનો માહોલ જામશે

ગાંધીનગર શહેરમાં પંચદેવ મંદિર ઉપરાંત ધોળેશ્વર મહાદેવ વાસણિયા મહાદેવ અને ડભોડા ખાતે આઠમના મોટા મેળા ભરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં આઠમે મેળાઓનો માહોલ સર્જાશે. શહેરના પંચદેવ મંદિરે યોજાનાર મેળામાં શહેરીજનો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો ઉમટી પડશે.

સેક્ટર-૨૨ સ્થિત પંચદેવ મંદિરે દર જન્માષ્ટમીએ મેળો યોજાય છે. સવારથી જ વસાહતીઓ મંદિરમાં દર્શન કરી મેળો માણે છે. શહેરીજનો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો મેળામાં જોડાય છે. આવતીકાલે મેળો યોજાવાનો હોઈ તેની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ઠેર ઠેર સ્ટોલ લાગી ગયા છે. પોલીસે પણ અહીં વિશેષ બંદોબસ્ત ગોઠવી તૈયારીઓ કરી લીધી છે. ખાણીપીણી, રમકડાં, ઘરવખરીના સ્ટોલ પર ખુબ ભીડ જામશે.

ગાંધીનગરની નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર, વાસણિયા મહાદેવ મંદિર અને ડભોડાના મંદિરના પ્રાંગણમાં પણ વિશાળ મેળાઓ યોજાશે. અહીં ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મેળો માણશે. આઠમે ઘણા લોકો ઉપવાસ કરતા હોવાથી ખાસ ફરાળી વાનગીઓ અને નાસ્તાના સ્ટોલ મેળામાં લાગશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૬૮૩૬૬

પંચાયતી રાજ મંત્રાલય
ભારત સરકાર
www.panchayat.nic.in
Panchayati Raj

શ્રીમતી સોનિયા ગાંધી
ચેરપર્સન
એનએસી અને યુપીએ

ડો. મનમોહન સિંઘ
માનનીય વડાપ્રધાન
ભારત સરકાર

શ્રી વી. કિશોરચંદ્ર દેવ
માનનીય મંત્રીશ્રી
પંચાયતી રાજ અને આદિજાતિ બાબતો

પંચાયતી રાજની સંસ્થાઓના મજબૂતિકરણ અને પોષણ બાબતના ભારતના પડકારનો સામનો કરવા તરફ

ખાસ ગ્રામ સભા

બધી જ ગ્રામ પંચાયતોને ઓગસ્ટ, ૨૦૧૨ના કોઈપણ દિવસે પોષણ બાબતે ખાસ ગ્રામસભા યોજવાનો અનુરોધ કરવામાં આવે છે. ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસ, સ્વાસ્થ્ય, સેનીટેશન, પીવાનું પાણી, જાહેર વિતરણ વ્યવસ્થા, મધ્યાહન ભોજન, ખેતી, બાગાયત, ડેરી અને મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા અધિકારીઓએ આ સભામાં ઉપસ્થિત રહી તેમના કાર્યક્રમો વિશે ચર્ચા કરવી જોઈએ. જિલ્લા અને બ્લોક લેવલના અધિકારીઓએ આ સભા માટે કો-ઓર્ડિનેશનની કામગીરી સંભાળવી જોઈએ. જેથી કરીને ઉપરોક્ત બાબતો સાથે સંકળાયેલી સંસ્થાના પદાધિકારીઓ ગ્રામસભાની મિટિંગોમાં ભાગ લઈ શકે.

કાર્યરત ગ્રામ સભા - લોકોના સશક્તિકરણ માટે અને જવાબદાર પંચાયતો માટે

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com